અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૬૦ | ૧ ડીસેમ્બર, ૨૦૨૦, મંગળવાર; કારતક વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

વિપક્ષો ખેડૂતોને ભ્રમિત કરી રહ્યા છે : મોદી

વડાપ્રધાન મોદીએ વારાણસીથી ખેડૂતોના સવાલોના જવાબ આપ્યા : કાશીમાં ૮૪ ઘાટ પર ભવ્ય દિપોત્સવનો પ્રારંભ : હવે કપટ નહીં, ગંગાજળ જેવી પવિત્ર નિયત સાથે કામ, દશકો સુધી ખેડૂતો સાથે છેતરપિંડી થઈ અને હવે આવું કરનારાઓ જ દેશના અન્નદાતાઓમાં ભ્રમ ફેલાવી રહ્યા છે, કાયદામાં કોઈ પ્રતિબંધ લગાવવામાં નથી આવ્યો, પહેલા એમએસપીના નામે કપટ કર્યું અને હવે કૃષિ કાયદા અંગે ખોટી બીક બતાવવામાં આવી રહી છે : વડાપ્રધાન મોદીએ કાશી-વિશ્વનાથ મંદિરમાં પૂજા-અર્ચના પણ કરી

વારાણસી, તા. ૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત વિરોધ પ્રદર્શન વચ્ચે સોમવારે પોતાના સંસદીય ક્ષેત્ર વારાણસી પહોંચ્યા છે. દેવ દિવાળીના પર્વ પર વારાણસીમાં ગંગા ૮૪ ઘાટ પર ભવ્ય દિપોત્સવનો પ્રારંભ પીએમ મોદી કરાવ્યો હતો. ખેડૂત આંદોલન મુદ્દે પીએમ મોદીએ જણાવ્યું કે નવા કૃષિ સંશોધનને પગલે ખેડૂતોને નવા વિકલ્પો ઉપલબ્ધ થયા છે અને કેટલીક તકો મળી છે પરંતુ કેટલાક લોકો ભ્રમ ફેલાવવાનું કામ કરી રહ્યા છે.

વડાપ્રધાને પોતાના સંબોધવનમાં જણાવ્યું કે ખેડૂતોમાં ભ્રમ ફેલાવવામાં આવી રહ્યો છે. જેમણે ખેડૂતો સાથે કપટ કર્યું છે તેઓ હવે ખેડૂતોને ભ્રમિત કરી રહ્યા ઠે. નવો કાયદો ખેડૂતોને વિકલ્પ આપે છે. વડાપ્રધાને જણાવ્યું કે સરકાર કાયદાઓ ઘડે છે માટે લોકશાહીમાં કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય તે સંભવ છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી જુદો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. પહેલા સરકારનો એક પણ નિર્ણય પસંદ ના આવે તો વિરોધ કરાતો હતો. પરંતુ હવે લોકોમાં ભ્રમ ફેલાવવામાં આવે છે અને ભવિષ્યમાં આનું પરિણામ સારું નહીં આવે.

ઐતિહાસિક કૃષિ સંશોધનોને લઈને પણ આવી જ રમત રમાઈ રહી હોવાનું પીએમ મોદીએ જણાવ્યું હતું. આ એ જ લોકો છે જેમણે ખેડૂતો સાથે કપટ કર્યું છે. ટેકાના ભાવ હતા પરંતુ ખરીદી ઓછી કરાતી હતી. ખેડૂતો સાથે કપટ કરાતું હતું. ખેડૂતોના મોટા મોટા દેવા માફ કરાતા હતા પરંતુ તેની રકમ ખેડૂતો સુધી પહોંચતી નહતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીના ખંડૂરી ગામમાં વારાણસી-પ્રયાગરાજ છ માર્ગીય હાઈવેનું લોકાર્પણ કર્યા બાદ જનસભાને સંબોધતા દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને સ્થિતિ સ્પષ્ટ કરી હતી. પીએમએ જણાવ્યું કે નવા કૃષિ સંશોધનોને પગલે ખેડૂતો માટે નવા રસ્તાઓ ખુલ્યા છે નવી તકો મળી છે. આ કાયદામાં જૂની સિસ્ટમ પર રોક લગાવવાની જોગવાઈ નથી. અગાઉ યાર્ડની બહાર થતી લેવડદેવડ ગેરકાયદે હતી. જેને પગલે નાના ખેડૂતો સાથે છેતરપિંડી થતી હતી, વિવાદો થતા હતા. હવે નાના ખેડૂતો પણ માર્કેટિંગ યાર્ડ બહાર થયેલા દરેક સોદા માટે કાયદાકીય પગલાં લઈ શકે છે. ખેડૂતોને નવા વિકલ્પો પણ મળ્યા છે અને છેતરપિંડી સામે કાયદાનું રક્ષણ પણ છે. ખેડૂતોના વ્યાપક બજાર ઉપલબ્ધ કરાવીને તેમને સશક્ત બનાવવામાં આવી રહ્યા છે. ખેડૂતોના હિતમાં સુધારો કરવામાં આવી રહ્યો છે જેનાથી તેમને વધુ વિકલ્પો પ્રાપ્ત થઈ શકશે. શું ખેડૂતને તેની ઉપજની વધુમાં વધુ કિંમત ચૂકવનારને તે પોતાનો પાક વેચે તેવી સ્વતંત્રતા ના મળવી જોઈએ તેવો સવાલ પીએમ મોદીએ કર્યો હતો.

પીએમ મોદીએ ખેડૂત આંદોલનની વચ્ચે આજે પોતાના સંસદીય વિસ્તાર વારાણસીમાં ખેડૂતોને ખાસ રીતે યાદ કર્યા. પીએમએ પોતાના સંબોધનમાં કાશીના ખેડૂતોને 'અન્નદાત્તાલ્ર કહીને સંબોધતા નમસ્કાર કર્યા. પીએમ મોદીએ વિરોધ પક્ષ પર ખેડૂતોને ભડકાવવાનો આરોપ

● અનુસંધાન પાન-૭ પર

મોદીજી મનમેં રામ બગલમેં છૂરી જેવું કામ કરે છે : ખેડૂતોનો આક્ષેપ

ત્રણ કૃષિ કાયદાઓનો ખેડૂતો દ્વારા વિરોધ ઉગ્ર બન્યો : ખેડૂતોની વાત નહીં મનાય તો ટ્રાન્સપોર્ટર્સની હડતાળની ધમકી, એનડીએના સાથી પક્ષોની પણ છેડો ફાડવા ચીમકી : આંદોલન મામલે સરકાર મુશ્કેલીમાં

નવી દિલ્હી , તા. ૩૦

નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહેલા ખેડુતો પીછેહઠ કરવા તૈયાર નથી. ખેડૂત સંઘો બપોરે ૨ વાગ્યે ફરી મળ્યા. અગાઉ પંજાબના ૩૦ ખેડૂત સંગઠનો સવારે ૧૧ વાગ્યે મળ્યા હતા. બપોરની બેઠક બાદ પત્રકારો પરિષદ યોજીને ખેડૂતોએ સરકાર ઉપર આકરા પ્રહાર કર્યા હતા. ખેડુતોએ કહ્યું હતું કે, અમે મોદીને અમારા મનની વાત કહેવા માટે આવ્યા છે, જો તેઓ અમારી વાત નહીં સાંભળે તો પરિણામ ભોગવવા પડશે. ખેડુતોએ કહ્યું કે મોદીજી મુંહ મે રામ બગલમે છૂરીવાળું કામ કરી રહ્યા છે. આ બિલકુલ સ્વીકાર્ય નથી. તે જ સમયે પ્રેસ કોન્ફરન્સમાં હાજર ટેક્સી અને ટ્રાન્સપોર્ટ યુનિયનોએ પણ હડતાલની ચીમકી ઉચ્ચારી છે. ખેડૂતોએ કહ્યું કે આ આંદોલન કોઈ એક રાજ્યનું નથી, આ આંદોલન કોઈ એક ખેડૂતનું નથી, તે આખા દેશના ખેડુતોનું આંદોલન છે. ખેડૂત અગ્રણીએ જણાવ્યું હતું કે, માંગણીઓ સંતોષાય નહીં ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. શાંતિપૂર્ણ રીતે આંદોલન ચાલુ રહેશે. ખેડુતો સ્પષ્ટ કહે છે કે તેઓ પીછેહઠ નહીં કરે. ૧૦ ટ્રાન્સપોર્ટ યુનિયનોએ સરકારને અપીલ કરી છે કે તેઓ ખેડુતોની વાત નહીં માનવા પર હડતાળની ધમકી આપી છે. ટ્રાન્સપોર્ટ યુનિયન દ્વારા સરકારની ખેડૂતોની માંગણીઓ પૂરી કરવા ૨ દિવસનો સમય આપવામાં આવ્યો છે.

ભારતી કિસાન યુનિયન (ડાકોંડા)ના નેતા જગમોહનસિંહે કહ્યું કે અમે તમામ રાજ્યોના ખેડૂત સંગઠનો સાથે બેઠક કરી શકતા નથી. અમે ફક્ત પંજાબની ૩૦ સંસ્થાઓ સાથે જ આ કરી શકીએ. અમે મોદીજીના શરતી આમંત્રણને નકાર્યું છે. સ્વરાજ ઈન્ડિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ યોગેન્દ્ર યાદવે કહ્યું કે આ આંદોલન ઐતિહાસિક છે. તેમણે એમ પણ કહ્યું કે આ ખેડૂતો અને સત્તા માટે લડત છે. આ આંદોલન ભારતના લોકશાહી માટેના નમૂના સમાન છે.

છ માસમાં ૩૦ કરોડ નાગરિકોને વેક્સિનનું લક્ષ્ય : ડૉ. હર્ષવર્ધન

બચ્ચને પૂછેલા પ્રશ્નોના સ્વાસ્થ્યમંત્રીએ જવાબ આપ્યા : સૌથી પહેલા હેલ્થવર્કર, ત્યારબાદ ફીલ્ડમાં કામ કરનારા જવાનો અને કાર્યકરોને વેક્સિન આપવામાં આવશે

નવી દિલ્હી,તા. ૨૮

દેશમાં કોરોના વાયરસના સંક્રમણની વચ્ચે હવે કોરોના વેક્સીન અંગે ખૂબ ચર્ચા થઈ રહી છે. દરેક વ્યક્તિ એ જાણવાના પ્રયાસમાં છે કે કોરોના વેક્સીન ક્યારે આવશે. લોકો એ પણ જાણવા માંગે છે કે સામાન્ય લોકો સુધી વેક્સીન કેવી રીતે પહોંચશે અને કયા લોકોને સૌથી પહેલા કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવશે. આ તમામ સવાલો વિશે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન સાથે બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચનએ સવાલ પૂછ્યા છે. અમિતાભ બચ્ચને કોરોનાના આ કાળમાં ડૉક્ટરો અને સ્વાસ્થ્ય કર્મીઓએ જે રીતે સેવા કરી છે તેના માટે સમગ્ર દેશ તેમને નમન કરે છે. આવા કોરોના યોદ્ધાઓ વિશે સરકાર શું કરવાની છે. ડૉ. હર્ષવર્ધને કહ્યું હતું કે, હું સમજું છું કે જનતાએ પોતાના તરફથી કોરોના યોદ્ધાઓને દરેક પ્રકારનું સન્માન આપ્યું છે. હું હંમેશા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તે ઈનોવેટિવ એક્સપરિમેન્ટનું સ્મરણ કરું છું જ્યારે ૨૨ માર્ચે તેઓએ દેશના લોકોને કહ્યું હતું કે તેઓ સાંજે ૫ વાગ્યે ઘરથી બહાર આવીને પોતાના અંદાજમાં થાળી વગાડીને, તાળી વગાડીને દેશના કોરોના વોરિયર્સને સલામ કરે.

જ્યાં સુધી સરકારનો પ્રશ્ન છે તો અમે પ્રારંભિક સમયમાં દેશભરના તમામ કોવિડ વોરિયર્સ માટે વિચાર્યું અને કામ કરવાનું શરૂ કરી દીધું હતું. તે મુજબ જો કોઈ કોરોના વોરિયરનું દુર્ભાગ્યથી મોત થયા છે તો તેના માટે ૫૦ લાખનો વીમો કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૪૦૦થી ૫૦૦ આપણા કોવિડ વોરિયર્સ શહીદ થયા છે તેમાંથી અનેકના ઈન્શ્યોરન્સ ક્લેમ સેટલ થઈ ચૂક્યા છે અને ઘણા પ્રોસેસમાં છે. અમે ૫ બેઠકો એમબીબીએસમાં આ કોવિડ વોરિયર્સના સંતાનો માટે અનામત રાખવાની જાહેરાત કરી છે. અમિતાભ બચ્ચને કહ્યું કોરોના વેક્સીનને લઈ તમામ વાતો કહેવામાં આવી રહી છે. આપના મુજબ કોરોના વેક્સીન ક્યાં સુધીમાં આવી જશે. દેશના દરેક નાગરિક સુધી વેક્સીન પહોંચાડવામાં કેટલો સમય લાગશે? આપનું શું અનુમાન છે? ડૉ. હર્ષવર્ધન- કોરોના વેક્સીન બનાવી રહેલા વૈજ્ઞાનિકો

● અનુસંધાન પાન-૭ પર

વડાપ્રધાન મોદી શુક્રવારે કોરોના સંદર્ભે સર્વપક્ષીય બેઠક કરશે

મોદીએ વેક્સીન કંપનીઓને કહ્યું- લોકોને સરળ શબ્દોમાં સમજાવો

ન્યુ દિલ્હી,તા.૩૦

દેશમાં કોરોના વાયરસ સંક્રમણની હાલની સ્થિતિને ધ્યાને લઈ બચાવના ઉપાયો પર ચર્ચા અને રણનીતિ તૈયાર કરવાને લઈ કેન્દ્ર સરકારે ૪ ડિસેમ્બરે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. આ બેઠક વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થશે. આ ઓનલાઈન બેઠકમાં લોકસભા અને રાજ્યસભાન ફ્લોર લીડર્સને પણ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, અત્યાર સુધીમાં દેશમાં કોરોના વાયરસથી ૯૪ લાખથી વધુ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ભારતમાં ૩૮.૭૭૨ કોરોના સંક્રમિત સામે આવ્યા છે. આ દરમિયાન ૪૪૩ દર્દીનાં મોત થયા છે, જ્યારે ૪૫,૧૫૨ લોકો સાજા થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોના મહામારીથી ૧.૩૭ લાખ દર્દીઓનાં મોત થયા છે. તેની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડ-૧૯ વેક્સીનને વિકસિત કરી રહેલી અને તેનું પ્રોડક્શન કરી રહેલી ત્રણ ટીમોની સાથે સોમવારે એક ઓનલાઈન બેઠક પણ કરી. વડાપ્રધાને કંપનીઓને ભલામણ કરી કે તેઓ લોકોને કોરોના વેક્સીનના પ્રભાવી થયા સહિત તેના સાથે જોડાયેલા અન્ય મામલાઓની સરળ ભાષામાં માહિતગર કરવા માટે વધારાના પ્રયાસ કરે.

રાજસ્થાનમાં જયપુર સહિત ૧૩ જિલ્લાઓમાં રાત્રિ કર્ફ્યુ

કોરોનાના મુકાબલા માટે સરકારનું પગલું : કોટા, જોધપુર, ઉદયપુર સહિતના જિલ્લાની શહેરી હદમાં રાત્રે આઠ વાગ્યાથી લઈને સવારે ૬ વાગ્યા સુધીનો કર્ફ્યૂ

જયપુર, તા. ૩૦

રાજસ્થાન સરકારે કોરોનાના સંક્રમણ નિયંત્રણ માટે આગામી ૧લી ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી રાજ્યના તમામ મુખ્ય શહેરોમાં નાઈટ કર્ફ્યૂ લાગુ કરી દેવાયું છે. રાજસ્થાન સરકાર મુજબ જયપુર, કોટા, જોધપુર, બીકાનેર, ઉદયપુર, અજમેર, ભીલવાડા, નાગૌર, પાલી, ટોંક, સીકર અને ગંગાનગર જિલ્લાની શહેરી હદમાં રાત્રે ૮ વાગ્યાથી લઈને સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ લાગુ રહેશે.

રાજ્ય સરકાર મુજબ, કોરોનાના કેસની વધી રહેલી સંખ્યાને જોતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ જિલ્લોમાં શહેરી હદમાં માર્કેટ, કામના સ્થળ અને વેપારી સંસ્થાઓને સાંજે ૭ વાગ્યે જ બંધ કરવામાં આવશે. આ ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોનમાં ૩૧ ડિસેમ્બર સુધી લોકડાઉન લાગુ રહેશે. માત્ર જરૂરી ગતિવિધિઓને જ મંજૂરી રહેશે. રાજસ્થાન સરકાર મુજબ કોરોનાના દર્દીઓની તપાસ કરવા માટે આ દરમિયાન કન્ટેનમેન્ટ ઝોનમાં ઘરે ઘરે જઈને ચેકિંગ કરાશે. રાજસ્થાનમાં સ્કૂલ, કોલેજ, શૈક્ષણિક સંસ્થાઓ અને કોચિંગ ઈન્સ્ટીટ્યૂટ ૩૧ ડિસેમ્બર સુધી બંધ રહેશે. થિયેટર્સ, મલ્ટીપ્લેક્સ પણ બંધ રહેશે.

ટીફીન સર્વિસ

હોમ ક્વૉરોન્ટાઈન માટે ઘરે બેઠા ડીસ્પોઝેબલ પેક ભોજન ટીફીન

મો. ૯૮૨૪૦ ૦૨૦૫૮

મો. ૯૭૨૩૬ ૨૧૨૮૮